**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૯ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં ઘેર-ઘેર મતદાર સ્લીપોનું વિતરણ

## ત્રણેય પક્ષોના ઉમેદવારો દ્વારા મતદાર સ્લીપોની વહેંચણીનું કાર્ય પ્રારંભ કરાયું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને માત્ર બે દિવસ બાકી છે ત્યારે દરેક પક્ષના ઉમેદવારોએ વોર્ડ પ્રમાણે મતદાર સ્લીપોની વહેંચણી શરૂ કરી દીધી છે. જેથી વહેલી તકે વોર્ડના તમામ મતદારો સુધી સ્લીપો પહોંચી શકે. જેમાં મતદારો પોતાનો મતદારયાદી ક્રમાંક અને મતદાન કરવાનું સ્થળ આ સ્લીપથી ચકાસી શકે છે. ઉપરાંત આ મતદાર સ્લીપ ત્રણેય પક્ષો દ્વારા પોતાના વોર્ડમાં પહોંચતી કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ સ્લીપ લઈને તમામ મતદારો સ્થળ પર જઈને વોટિંગ કરી શકશે. આ ઉપરાંત દરેક મતદારે પોતાની સાથે એક આઈડીપ્રુફ લઈ જવાનું હોય છે તેથી કોઈ પણ ગેરરીતિ કે બોગસ મતદાન કરી શકે નહિ. ઓળખપત્રથી ખોટી રીતે થતું મતદાન અટકાવી શકાય છે. અગાઉ ઘણા બધા કિસ્સાઓમાં બોગસ મતદાન જોવા મળ્યું હતું. જેથી વોટબેંકોમાં મતની હેરાફેરી કરવામાં આવતી હતી પરંતુ આ બાબતો ખૂબ ઓછા પ્રમાણમાં બને છે. જેમાં તંત્ર સજાગ ન હોય તેવા કિસ્સામાં બોગસ મતદાન થવાની આશંકા રહે છે.



ગાંધીનગર કોર્પોરેશન ચૂંટણી આગામી ૩ તારીખે યોજાવાની છે ત્યારે તમામ પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર જીત મેળવવા માટે ત્રણેય પક્ષો રસાકસીના જંગમાં જોવા મળી રહી છે. રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. કોરોનાના કારણે એપ્રિલ મહિનામાં યોજાનારી ચૂંટણી આખરે બે દિવસ બાદ યોજાવાની છે ત્યારે ડોર ટુ ડોર ઉમેદવારો દ્વારા મતદાર સ્લિપોની વહેંચણી કરીને મત આપવા માટેની અપીલ કરવામાં આવી રહી છે. એક સાથે બે પક્ષોના ઉમેદવારો ભેગા થઈ જતા જોરશોરથી ભારત માતા કી જય, વંદે માતરમના નારા બોલાવતા જોવા મળી રહ્યા છે. જેમાં મતદારો તમામ ઉમેદવારોનો જોમ જુસ્સો જોવા માટે લ્હાવો છોડતા નથી. સોસાયટીઓ અને સેકટરોમાં ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટીના કાર્યકરો, ઉમેદવારો રોજ દેખાડા દઈ રહ્યા છે. પરંતુ આ વખતે જનતા કયા પક્ષનું પલ્લુ ભારે કરશે તે નક્કી કહી શકાતું નથી. મનપાની ચૂંટણી માટે ૨૮૪ મતદાન મથક નક્કી કરાયા છે.

મતદારોને રીઝવવા માટે ઉમેદવારો દ્વારા ઘણા ખરા પ્રયાસો કરવામાં આવ્યા છે. જેમાં ભોજન વ્યવસ્થા, ચોપડા વિતરણ, નાસ્તા વિતરણ, ઉપરાંત નાની મોટી લાલચો પણ આપવામાં આવતી હોય છે પરંતુ ગાંધીનગરના મતદારો શિક્ષિત અને સમજદાર છે જે પક્ષની કામગીરી તથા તમામ પ્રશ્નોને જોઈને મતદાન કરશે તેથી કોઈ લોભ કે લાલચમાં ભરમાઈને ગાંધીનગરના નાગરિકો પાસે અપેક્ષા રાખવી જ ન જોઈએ. અંતે તો સત્યની જીત થાય છે.

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
ઉપપ્રમુખ,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



**સુમિત્રાબેન પ્રજાપતિ**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**હરદીપસિંહ જાડેજા**
મો. ૯૮૯૮૮ ૭૮૭૩૪



**દીલેરસિંહ ચૌહાણ**
મો. ૯૯૨૪૪ ૦૨૦૧૭



**ઠાકોર વિરલ નિકુજી**



**મીરાબેન શિવશંકર દવે**

## કલાગુર્જરી દ્વારા શહેરમાં યોજાશે ગાંધીજયંતિએ ભજનાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૦

કલાગુર્જરી ગાંધીનગર દ્વારા પૂ. ગાંધીબાપુની જન્મજયંતિ પ્રસંગે ભજનાંજલી યોજાશે. જે સવારે ૬.૩૦ થી ૮.૩૦ દરમિયાન યોજાશે. સમગ્ર દેશ અને દુનિયામાં બધા ગાંધીપ્રેમીઓને લાભ મળી શકે તે હેતુથી જીટીપીએલની ભકિત ચેનલ પર તેનું જીવંત પ્રસારણ (ચેનલ નં. ૫૫૧) કરવામાં આવશે. ભજનોની પ્રસ્તુતિ અયોધ્યાદાસજી, રામસેવકદાસજી, ભીખુદાન ગઢવી, સ્વાતીબેન પાઠક દ્વારા કરાશે. જયારે કાર્યક્રમનું રસદર્શન વિદુષી ડૉ.માર્ગી હાથી દ્વારા કરાશે. કોવિડ પ્રોટોકોલને કારણે કાર્યક્રમ સ્થળ પર મર્યાદીત લોકોની હાજરી રખાશે પરંતુ ભકિતચેનલના માધ્યમથી બધા જ લોકો ભજનાંજલીનું શ્રવણ કરી શકશે.



ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના મેડીકલ સેલનું અધિવેશન સેકટર-૨૧ મહારાષ્ટ્ર ભવન ખાતે યોજાયું હતું. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો આ અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૩૦

આજરોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પદાધિકારીઓ ભરતભાઈ રાવલ, અશ્વિનભાઈ ત્રિવેદી, રાકેશ પાઠક, દિનેશ રાવલ, સતીશ ભટ્ટ ઋતેશ વ્યાસ વગેરે હાજર રહ્યા હતા.



## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા.૩૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રાધ્ધમાં પ્લાસ્ટીક તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રાધ્ધ પક્ષમાં દાનનો મહિમા રહેલો છે. ભિલોડા તાલુકાના કાચ્છા તથા ચીતરીયામાં ૧૩ લાભાર્થીને પ્લાસ્ટિક આપવામા આવ્યું હતું. કાચા ઘરમાં રહેતા જરૂરિયાતમંદોને વસ્તુ મળતા આનંદિત થયા હતા. ચિતરિયામાં ૬ લાભાર્થીને નંબરવાળા ચશ્મા આપ્યા હતા. આ સેવાકાર્યમાં મિલિન્દ ગુપ્તે, અમૃતભાઈ પ્રજાપતિ, મોન્ટુ, વિપુલ તથા ગામેતીભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં વર્લ્ડ હાર્ટ ડે કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૩૦

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં વર્લ્ડ હાર્ટ ડે ના શુભ પ્રસંગે તા. ૨૯-૦૯-૨૦૨૧ ના રોજ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વર્ષની થીમ કનેક્ટ હાર્ટ અને કાર્ડિયોવાસ્કયુલર રોગના અટકાવવા માટેની માહિતી અને મેનેજમેન્ટ તેમજ લાઈફ સેવિંગ ટેકનીક , કાર્ડિયોપલમોનરી રીસટીકશન જેવા મહત્વપૂર્ણ ટોપીક પર એક્સપર્ટ દ્વારા સેશન લેવામાં આવ્યો હતો. આ વર્કશોપનો આશરે ૧૭૪ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ એનો લાભ લીધો હતો. આ સાથે બપોરના સમયમાં કવીઝ કોમ્પીટીશન અને વર્ડ હાર્ટ ડે થીમ પર લાઈવ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર તેમજ નર્સિંગના પ્રિન્સીપાલ પ્રો. ભૂમિ પંડ્યાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગુજરાત સાયન્સ સિટી દર સોમવારે મુલાકાતીઓ માટે બંધ રહેશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગના નેજા હેઠળ ગુજરાત સાયન્સ સિટી નવી એકવેટિક ગેલેરી, રોબોટીક ગેલેરી, નેચરપાર્ક જેવા આકર્ષણો સાથે ગત તા.૧૭મી જુલાઈથી ફરી શરૂ થયું ત્યારથી ગુજરાત સાયન્સ સિટીને દેશભરમાંથી મુલાકાતીઓનો બહોળો પ્રતિસાદ મળ્યો છે તે સાથે સાયન્સ સિટી શરૂઆતથી જ મુલાકાતીઓ માટે ૩૬૫ દિવસ, કોઈ પણ સારસંભાળ માટેની રજા વગર હંમેશા ખુલ્લુ રહ્યું છે. જોકે હવે આગામી તા.૪થી ઓકટોબરથી દર સોમવારે મુલાકાતીઓ માટે બંધ રહેશે.

એકવેટિક ગેલેરી ખાતે વિશાળ સંખ્યામાં વિવિધ માછલીઓ અને જળચર પ્રજાતિઓ સાથે અત્યાધુનિક લાઈફ સપોર્ટ સિસ્ટમથી સજ્જ એકવેરિયમ તથા અન્ય થીમ આધારિત પેવેલિયન નિયમિત સારસંભાળ માંગી લે છે. અન્ય સાયંટિફિક ગેલેરીમાં રહેલા વિવિધ કાર્યરત કે બિનકાર્યરત નિદર્શન પણ નિવારક અને સુધારત્મક સરસંભાળ માંગે છે. અઠવાડિયાના અંતમાં ગેલેરીઓમાં મુલાકાતીઓના ભારે ધસારા બાદ નિયમિત સારસંભાળ માટે તમામ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સાયન્સ સેન્ટર્સ, સાયન્સ મ્યુઝિયમો અને પબ્લિક પાર્કની સાથે સુસંગતતામાં સાયન્સ સિટી પણ દર સોમવારે બંધ રાખવાનું આયોજન છે. ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખીને જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે ગુજરાત સાયન્સ સિટી આગામી તા.૪થી ઓકટોબરથી દર સોમવારે મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે વિવિધ નિદર્શનો, સાધનો, મશીનરી તથા કેમ્પસમાં વિવિધ પેવેલિયનોમાં રહેલા લાઈવસ્ટોકની અવિરત કાર્યક્ષમતામાં વધારો કરશે.

## સે-૭-એ વસાહત મંડળની મહિલા પાંખના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૭-એ વસાહત મંડળની મહિલા પાંખના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે જયશ્રીબેન રાવલ, ઉપપ્રમુખ તરીકે કવિતાબેન બક્ષી, ઈન્દુબેન ચોટલીયા, મંત્રી તરીકે આરતીબેન ભટ્ટ, સહમંત્રી તરીકે જોલીબેન મહેતા, બિનાબેન દેસાઈ, ખજાનચી તરીકે દક્ષાબેન વર્ષાત, ઓડીટર તરીકે ક્રિપલ પટેલની વરણી કરવામાં આવી હતી. કારોબારી સમિતિમાં બેલાબેન પટેલ, કુંવરબેન ચૌધરી, ચેતનાબેન થાનકી, ચંદ્રિકાબેન અખાણી, શારદાબેન જોષી, રૂપલ જોષી, ઈલાબેન પટેલ, કૈલાસબેન પટેલ, મનીષાબેન વાડીયા, કુસુમબેન સુથાર, દિશા ઝાલા, નિલમબેન ચૌહાણ, હેતલબેન પટેલ, ભગવતીબેન દેસાઈની વરણી કરાઈ હતી. આ તમામ હોદ્દેદારોની વરણી પ્રમુખ જસવંત ગાંધીની હાજરીમાં સર્વાનુમતે કરવામાં આવી હતી.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની '૨૯મી રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૧' સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૩૦

ભારત સરકારનાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકનાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાયેક્રમ અંતર્ગત દર વર્ષે 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા' નું આયોજન સમ્રગ દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃતિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્દભવ થાય તે છે. ગુજરાતમાં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું . ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાના કાર્યક્રમનું આયોજન તા. ૨૮ અને સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી કરવામાં આવ્યું હતું. ગીતેશભાઈ પટેલ- આચાર્ય આર.જી.પટેલ કન્યા વિદ્યાલય અને એકેડમિક કો-ઓડીનેટર એન.સી.એસ.સી.ગાંધીનગર, નરેશભાઈ ઠાકર પૂર્વ પી.આર.ઓ-જી.પી.સી.બી. ગાંધીનગર, વસંતભાઈ પટેલ-ઈવોલ્યુંટર-એન.સી.એસ.સી. ગાંધીનગર, ચંદુભાઈ પટેલ-નિવૃત વિજ્ઞાન શિક્ષક અને ઈવાલ્યુંટર એન.સી.એસ.સી.ગાંધીનગર, રમણભાઈ પટેલ- ઈવોલ્યુંટર-એન.સી.એસ.સી. ગાંધીનગર, ડો. અનિલભાઈ પટેલ-મેં.ટ્રસ્ટી નિસર્ગ સાયંસ સેન્ટરઅને જિલ્લા કો-ઓડીનેટર, એન.સી.એસ.સી. ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

નિસર્ગ સાયંસ સેન્ટરના મેં. ટ્રસ્ટી, ડો અનિલભાઈ પટેલે જુદા જુદા મહિલા વૈજ્ઞાનિકો વિષે અને તેમણે કરેલ શોધો વિષે પી.પી.ટી દ્વારા રસપ્રદ માહિતી આપી હતી. તા.૨૯/૦૯/૨૦૨૧ ના રોજ હાયડ્રોપોનીક્સ ખેતી વિષે નિષ્ણાત દ્વારા સમજ આપવામાં આવી હતી તેમજ સાયંસ સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાનો મુખ્ય વિષય નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન રાખવામાં આવ્યો છે અને તેના પાંચ પેટા વિષયો આધારિત પ્રોજેક્ટો વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની જુદી-જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમ ધ્વારા તેમને કરેલ સંશોધનો ખુબ જ સરસ રીતે રજુ કરવામાં આવ્યા હતા. જેમાંથી ગાંધીનગર જીલ્લાના બેસ્ટ ૧૦ પ્રોજેક્ટો રાજ્યકક્ષા માટે પસંદગી કરવામાં આવશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ સ્પર્ધાના સમગ્ર આયોજનમાં નિસર્ગ સાયંસ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## વોર્ડ નં.૨માં કોંગ્રેસનું પર્સન-ટુ-પર્સન સંપર્ક અભિયાન

ગાંધીનગર, તા.૩૦


ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ ખાતે કોંગ્રેસના ઉમેદવારોએ સ્થાનિક નાગરિકોમાં રીપીટ ડોર ટુ ડોર પ્રચાર દરમિયાન પર્સન ટુ પર્સન મુલાકાત પર વધુ ધ્યાન આપ્યું હતું. આ કારણે વોર્ડના સ્થાનિક અને છેવાડાના મતદારોમાં તેઓ પ્રભાવ ઉભો કરવામાં સફળ થતાં જણાઈ રહ્યા છે. આખરી તબક્કાના પ્રચાર કાર્યમાં વોર્ડનં.૨ના કોંગ્રેસના ઉમેદવારો ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રવિણસિંહ ડાભી, ક્રિષ્ણાબેન ઠાકોર અને મીનાબેન વાઘેલા જોડાયા હતા. આ ઉપરાંત વોર્ડ નં.૨ના કાર્યાલયે પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની મુલાકાતથી કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર થવા પામ્યો છે.





વોર્ડ નંબર-૭ વાવોલ-કોલવડા ભાજપ ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સહિત જનમેદની ઉમટી હતી. ભાજપના ઉમેદવારો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ દરમિયાન વોર્ડના ઉમેદવારો શૈલેષભાઈ પટેલ, સોનલબા વાઘેલા, પ્રેમલસિંહ ગોલ, તેજલબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## એમ.બી. પટેલ સ્કૂલમાં ઓનલાઈન તથા ઓફલાઈન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

એમ.બી. પટેલ સ્કૂલમાં ગાંધી જયંતિના પવિત્ર દિવસની ઉજવણી સંદર્ભમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેના મુખ્ય વિષયો આઝાદીના ક્રાંતિકારી યુગ પુરુષ મહાત્મા ગાંધીજી તથા 'સ્વચ્છતા જાળવો' હતો. જેમાં પ્રથમ સ્થાને પ્લક્ષા પંડયા, બીજા સ્થાને તૃષા બિહોલા સ્પર્ધામાં વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાનું આયોજન શાળાના સુ.વા. સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો ચંદ્રકાન્તભાઈ, ઘનશ્યામસિંહ, પુષ્પાબેન પટેલે કર્યું હતું. આચાર્ય નીરૂબેન પટેલે તમામનો અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ભટ્ટ નિર્મલાબેન ભગવતીપ્રસાદ, ઉ.વ. ૮૬, સેકટર-૨૭
- સ્વ. કુચારા મંગળદાસ વીરાભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૧૩
- સ્વ. જસાણી શશીકાન્ત ગીરધરલાલ, ઉ.વ. ૮૦, પેથાપુર